ડૉ.આંબેડકર ભવન, ગીર સોમનાથના મકાન બાંધકામ માટે રૂ. ૬૨૦.૦૦/- લાખની સુધારેલી વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0074/G Section
સચિવાલય, ગાંધીનગર
તા.૨૨/૦૭/ ૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૦/૦૪/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0074/G Section

(૨)નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૮/૦૧/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૪/૭૨-૭૪

**આમુખ:**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ ભારતના બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં રાજ્યમાં જિલ્લા મથકોએ આંબેડકર ભવનો બાંધવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના તા.૨૦/૦૪/૨૦૨૩ના ઠરાવથી ડૉ.આંબેડકર ભવન, ગીરસોમનાથના મકાન બાંધકામ માટે રૂ.૨૨૧.૪૨/- લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૮/૦૧/૨૦૨૪ના પત્રથી સદર ભવનના બાંધકામ માટે રૂ.૬૨૦.૦૦/- લાખની સુધારેલી વહીવટી મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, ડૉ.આંબેડકર ભવન, ગીરસોમનાથના મકાન બાંધકામ તેમજ DIAPHRAM WALL સહિતના ખર્ચ માટેના અંદાજોને ધ્યાને લઈને રૂ.૬૨૦.૦૦/- લાખનો ખર્ચ કરવાની સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. સદર સુધારેલી વહીવટી મંજૂરી વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના ઠરાવની વહીવટી મંજૂરીની શરતોને આધિન આપવામાં આવે છે.

સદરહુ ખર્ચ માંગણી ક્રમાંક - ૯૫, મુખ્ય સદર - ૪૨૨૫ - અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓનું કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઈ, પેટા મુખ્ય સદર - ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર ૮૦૦ - અન્ય ખર્ચ, પેટા સદર ૦૧, SCW-33 ડૉ.આંબેડકર ભવનનું બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૬/૦૭/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

23/07/2024

Issued

01C

23/07/24

23/07/24

eSign Signed by SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 23-Jul-2024 (11:59 AM)

(સંતોષ વસાવા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના :

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.ગીરસોમનાથ
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) ( નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેકશન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેકશન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઈલ ૨૦૨૪